Letter No: SJED/0427/07/2023 Dt: 18-07-2023

બોટાદ, બનાસકાંઠા અને વલસાડ ખાતે ૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સના મંજૂર થયેલ જગ્યાના મહેકમની મુદ્દત વધારવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/2944/CHH Section

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૭/૨૦૨૩

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૨૦/૫૪૫૮૫૧/છ તા.૦૫/૦૧/૨૦૨૨ , તા.૩૦/૦૪/૨૦૨૨

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૨૦/૫૪૫૮૫૧/છ તા.૨૨/૦૬/૨૦૨૨

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાના પત્ર ક્રમાંક : DSD/0632/01/2023 તા. ૩૦/૦૧/૨૦૨૩

**આમુખ:**

વંચાણે લિધેલા ક્રમ (૧)થી રાજ્યમાં કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળી કિશોરીઓ માટે બોટાદ, બનાસકાંઠા અને વલસાડ જિલ્લામાં ૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લિધેલા ક્રમ (૨) ના ઠરાવથી સદર સંસ્થાની કુલ-૧૮ હંગામી જગ્યાની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી તથા આઉટસોર્સની કુલ – ૩૩ જગ્યાની મુદ્દત તા.૩૧/૦૧/૨૦૨૩ સુધી લંબાવવાની મંજૂરી મળેલ હતી. વંચાણે લિધેલા ક્રમ (૩)થી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ આ ત્રણ સંસ્થાઓની કુલ – ૫૧ જગ્યાઓની મુદ્દત પૈકી આઉટસોર્સની કુલ- ૩૩ જગ્યાઓની મુદ્દત ૦૧/૦૨/૨૦૨૩થી વધુ ૧૧ માસ માટે વધારવા તથા કુલ – ૧૮ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી લંબાવવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલા ક્રમ (૧)થી કિશોરીઓ માટે બોટાદ, બનાસકાંઠા અને વલસાડ જિલ્લામાં ૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સની કુલ-૫૧ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ હતી તે પૈકી કુલ – ૧૮ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી લંબાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | સંસ્થા/કચેરીનું નામ | હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|---|---|---|
| ૦૧ | બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, બોટાદ, અરવલ્લી | ઓફિસ ઈન્ચાર્જ/સુપ્રિન્ટેન્ડેન્ટ (પાંચ વર્ષ ફિક્સ પગારથી ત્યારબાદ નિયમિત પગાર ધોરણ) | 3 | ૨ |
| ૦૨ | મહિલા ભિક્ષુક ગૃહ ડભોડા, જિ.ગાંધીનગર | ઓફિસ ઈન્ચાર્જ/સુપ્રિન્ટેન્ડેન્ટ (પાંચ વર્ષ ફિક્સ પગારથી ત્યારબાદ નિયમિત પગાર ધોરણ) | 3 | ૧ |
| ૦૩ | સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગાંધીનગર | જુ.ક્લાર્ક(પાંચ વર્ષ ફિક્સ પગારથી ત્યારબાદ નિયમિત પગાર ધોરણ) | 3 | 3 |
| ૦૪ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ(કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | એમ.બી.બી.એસ. ડોક્ટર(પા.ટા./સ્વૈચ્છિક) | - | 3 |
| ૦૫ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ(કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | એજ્યુકેટર(શિક્ષક) (પા.ટા./સ્વૈચ્છિક) | - | 3 |
| ૦૬ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ(કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | આર્ટ એન્ડ ક્રાફ્ટ કમ મ્યુઝિક ટીચર (પા.ટા./સ્વૈચ્છિક) | - | 3 |
| ૦૭ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ(કિશોરીઓ માટે) બોટાદ, | પી.ટી.કમ-યોગાટીચર (પા.ટા./સ્વૈચ્છિક) | - | 3 |

Signature valid
Signed by:Draupti Shah
Section Officer
Date: 2023.07.18
15:11:58 +05:30

File No: SJED/MSM/e-file/17/2022/2944/CHH Section
Approved By: D.S.Sharma(DS,CHH Section,SJED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

| | | | | |
|---|---|---|---|---|
| | બનાસકાંઠા અને વલસાડ | | | |
| | | કુલ | | ૧૮ |

જ્યારે બાકીની નીચે મુજબની આઉટસોર્સની કુલ – ૩૩ જગ્યાની મુદ્દત તા.૦૧/૦૨/૨૦૨૩થી કુલ ૧૧ માસ માટે લંબાવવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | સંસ્થા/કચેરીનું નામ | હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | સૂચિત માસિક મહેનતાણૂં |
|---|---|---|---|---|---|
| ૦૧ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ(કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | પરામર્શક (કાઉન્સેલર) | - | ૩ | રૂ.૧૭૫૦૦/-અન્ય ચાર્જીસ સિવાય |
| ૦૨ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ(કિશોરીઓ માટે) બોટાદ | પ્રોબેશન ઓફિસર/ ચાઈલ્ડ વેલફેર ઓફિસર/ કેસવર્કર | - | ૩ | રૂ.૧૭૫૦૦/-અન્ય ચાર્જીસ સિવાય |
| ૦૩ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ(કિશોરીઓ માટે) બોટાદ | હાઉસ મધર / હાઉસ ફાધર(ગૃહ માતા/ગૃહ પિતા) | - | ૬ | રૂ.૧૭૫૦૦/-અન્ય ચાર્જીસ સિવાય |
| ૦૪ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ(કિશોરીઓ માટે) બોટાદ | પેરામેડિકલ સ્ટાફ | - | ૩ | રૂ.૧૭૫૦૦/-અન્ય ચાર્જીસ સિવાય |
| ૦૫ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ(કિશોરીઓ માટે) બોટાદ | કુક(રસોઈયા) | - | ૬ | રૂ.૧૭૫૦૦/-અન્ય ચાર્જીસ સિવાય |
| ૦૬ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ(કિશોરીઓ માટે) બોટાદ | હેલ્પર/ગાર્ડ | - | ૬ | રૂ.૧૭૫૦૦/-અન્ય ચાર્જીસ સિવાય |
| ૦૭ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ(કિશોરીઓ માટે) બોટાદ | હાઉસ કીપર | - | ૬ | રૂ.૧૭૫૦૦/-અન્ય ચાર્જીસ સિવાય |
| | | કુલ | | ૩૩ | |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૨/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દ્રષ્ટિ શાહ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)નાઅંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ),નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્યસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજસુરક્ષાખાતું, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.) નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબીઅધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બોટાદ/બનાસકાંઠા/વલસાડ/ ગાંધીનગર.

Letter No: SJED/0427/07/2023 Dt: 18-07-2023

- સેક્શનઅધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ, સામાજિકન્યાય અને અધિકારિતાવિભાગ – વિભાગની વેબસાઇટ પર અપલોડ વિનંતીસહ.